અમદાવાદ, રેલવે હેલ્પલાઈન પોર્ટલ પર મળેલી ફરિયાદ સંદર્ભ નંબર ૨૦૨૫૦૯૦૭૦૨૩૪૪ મુજબ, ટ્રેન સંખ્યા ૧૬૬૧૩ના જનરલ કોચમાં વડોદરાથી અમદાવાદ વચ્ચે એક વ્યક્તિ દ્વારા પોતાને ટીટીઈ તરીકે રજૂ કરીને મુસાફરોને ગુમરાહ કરતો હોવાની માહિતી મળી હતી. આ ફરિયાદની તાત્કાલિક નોંધ લેતા, અમદાવાદ ડિવિઝનના વાણિજ્ય વિભાગના ડેપ્યુટી સ્ટેશન સુપરિન્ટેન્ડેન્ટ(Dy.SS/Comm) શ્રી સચિન જાદવ અને ટિકિટ ચેકિંગ સ્ટાફ શ્રી રાજેશે તત્પરતા,સતર્કતા,અને કાર્યક્ષમતાનો પરિચય આપીને આરપીએફ સ્ટાફની મદદથી તે શંકાસ્પદ વ્યક્તિને અમદાવાદ સ્ટેશન પર તાત્કાલિક પકડી લીધો.

પ્રાથમિક પૂછપરછમાં તે વ્યક્તિએ પોતાનું નામ અમન પ્રકાશ હોવાનું જણાવ્યું હતું, પરંતુ તે કોઈ માન્ય રેલવે ઓળખપત્ર રજૂ કરી શક્યો ન હતો. મામલાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને, તેને જરૂરી કાનૂની કાર્યવાહી માટે જીઆરપી અમદાવાદને સોંપવામાં આવ્યો હતો. ડેપ્યુટી સ્ટેશન સુપરિન્ટેન્ડેન્ટ (વાણિજ્ય) શ્રી સચિન જાદવ તથા ટીટીઈ શ્રી રાજેશ અને આરપીએફ અમદાવાદ દ્વારા કરવામાં આવેલી ત્વરિત કાર્યવાહી,સતર્કતા અને મુસાફરોની સુરક્ષા પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતા ખૂબ જ પ્રશંસનીય છે.

પાસપોર્ટ રેન્કિંગમાં ભારતનું સ્થાન દુનિયામાં ૭૭માં નંબર

નવી દિલ્હી, દુનિયાભરના દેશોના પાસપોર્ટનું નવું રેન્કિંગ આવ્યું છે. જે મુજબ, ભારતનો પાસપોર્ટ દુનિયામાં ૭૭માં નંબરે છે. વળી, પહેલાં નંબરે એશિયાનો દેશ સિંગાપુર અને બીજા નંબરે જાપાન તેમજ સાઉથ કોરિયા છે. રસપ્રદ વાત એ છે કે, પાકિસ્તાન દુનિયાનો ચોથો સૌથી ખરાબ રેન્કિંગવાળો દેશ છે. તેનો પાસપોર્ટ ૯૬માં નંબરે મૂકવામાં આવ્યો છે. હેનલી પાસપોર્ટ ઈન્ડેક્સ ૧ થી ૯૯ સુધીની રેન્કિંગમાં દુનિયાના તમામ દેશને મૂકવામાં આવ્યા છે. પાકિસ્તાન સાથે સોમાલિયા અને યમનને પણ આ જ સ્થાન મળ્યું છે. સૌથી છેલ્લે એટલે કે, ૯૯માં નંબરે અફઘાનિસ્તાન છે અને ૯૮ નંબરે સીરિયા તેમજ ૯૭ નંબર ઈરાકને સ્થાન મળ્યું છે.

ત્રીજા નંબરે યુરોપના અનેક દેશ છે, જેમાં ડેનમાર્ક, ફિનલેન્ડ, ફ્રાન્સ, જર્મની, આયર્લેન્ડ, ઈટલી અને સ્પેન સામેલ છે. આ દેશોમાં ફરવા માટે મોટી સંખ્યામાં લોકો જાય છે. ચોથા નંબરે સ્વિડન, નેધરલેન્ડ અને બેલ્જિયમ સહિત યુરોપના ૭ દેશ સામેલ છે. ભારતના એક અન્ય પાડોશી દેશ બાંગ્લાદેશનો પાસપોર્ટ રેન્ક ૯૪ નંબરે છે. પેલેસ્ટાઈનને પણ આ જ રેક્કિંગ મળી છે. આ સિવાય સૂડાનને ૯૨ અને ઉત્તર કોરિયાને ૯૩મો નંબર મળ્યો છે. શ્રીલંકા અને ઈરાનને ૯૧ નંબરે સ્થાન મળ્યું છે. વળી, વિશ્વના સૌથી શક્તિશાળી કહેવાતા દેશ અમેરિકાને ૧૦મું સ્થાન મળ્યું છે અને ઈઝરાયલને ૧૮માં નંબરે મૂકવામાં આવ્યું છે. ચીની પાસપોર્ટને રેક્કિંગમાં ૬૦માં નંબરે મૂકવામાં આવ્યો છે. રશિયાને આ યાદીમાં ૪૬મું સ્થાન મળ્યું છે.નોંધનીય છે કે, ભારતની રેક્કિંગમાં આ વર્ષે ૮ સ્થાનનો ઉછાળો આવ્યો છે. ગત વર્ષે ભારતીય પાસપોર્ટને ૮૫મું સ્થાનમળ્યું હતું અને આ વખતે ભારત ૭૭માં સ્થાન પર છે. પોસપોર્ટસરકાર તરફથી જાહેર કરવામાં આવેલા આ દસ્તાવેજના માધ્યમથી લોકો બીજા દેશોની યાત્રા કરી શકે છે.

બેંકમાંથી પ્રથમ વખત લોન મેળવવા માટે CIBIL સ્કોર ફરજિયાત નથી: સરકાર

નવી દિલ્હી, લોકસભાના ચોમાસુ સત્ર દરમિયાન ગત સપ્તાહે કેન્દ્ર સરકાર દ્વારા લોન ઈચ્છુકો માટે મહત્ત્વની સ્પષ્ટતા કરવામાં આવી હતી. ક્રેડિટ સ્કોર શૂન્ય હોય તો પણ અરજદારની લોન મંજૂર કરવા માટે નાણા મંત્રાલયે બેન્કોને સૂચના આપી હતી. આ સાથે સરકાર દ્વારા સ્પષ્ટતા કરાઈ હતી કે, પ્રથમ વખત બેંક લોન લેવા માગતા લોકો માટે લઘુતમ ક્રૅમ્ન સ્કોરની મર્યાદા જરૂરી નથી. નાણા વિભાગના રાજ્યકક્ષાના મંત્રી પંકજ ચૌધરીએ જણાવ્યું હતું કે, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ ૬ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ માસ્ટર ડાયરેક્શન જાહેર કર્યા હતા. જેમાં જણાવ્યા મુજબ, પ્રથમ વખત લોન લઈ રહેલા અરજદારોની કોઈ ક્રેડિટ હિસ્ટ્રી ન હોવાનું કારણ દર્શાવીને તેમની અરજી નકારી શકાય નહીં. મંત્રીએ વધુમાં જણાવ્યુ હતું કે, લોનની અરજીઓ માટે રિઝર્વ બેંક દ્વારા લઘુતમ ક્રેડિટ સ્કોરનું સૂચન કરાયેલું નથી. મુક્ત ઋણ બજારના વર્તમાન માહોલમાં દેણદાર સંસ્થાઓ પોતાની જરૂરિયાત અને પોલિસીના આદારે નિર્ણય લેવા સ્વતંત્ર છે. જો કે તેમાં રિઝર્વ બેંક જેવી નિયમનકારી સંસ્થાઓની ગાઈડલાઈન્સનું પાલન થવું જોઈએ. લોન અંગે નિર્ણય લેવાના અન્ય પરિબળોની સાથે ક્રેડિટ ઈન્ફોર્મેશન રિપોર્ટની પણ ચકાસણી થવી જોઈએ. ક્રેડિટ ઈન્ફોર્મેશન બ્યુરો લિમિટેડ (ક્રૅમ્ન) દ્વારા ક્રેડિટ સ્કોર નક્કી કરવામાં આવે છે. આ સ્કોર ૩૦૦થી માંડી ૯૦૦ સુધીનો હોય છે અને તેનો નિર્ણય વ્યક્તિના નાણાકીય વ્યવહારોના આધારે લેવાય છે.

કઠોળ ઉત્પાદનમાં દુનિયાના ટોપ-૧૦ દેશોમાં ભારત નંબર-૧

નવી દિલ્હી, કૃષિ મૂલ્યની દ્રષ્ટિએ વિશ્વના ટોચના ચાર ખાદ્ય ઉત્પાદક દેશો ચીન, ભારત, અમેરિકા અને બ્રાઝિલ છે. આજે આપણે ખાદ્ય ઉત્પાદનમાં કઠોળ વિશે વાત કરીએ તો મસૂર, ચણા, બીન્સ અને વટાણા સહિતની કઠોળ વૈશ્વિક પોષણ અને કૃષિ માટે અત્યંત મહત્ત્વપૂર્ણ છે. નોંધનીય છે કે,

ભારત સૌથી વધુ કઠોળનું ઉત્પાદન કરે છે. પરંતુ કેટલું ઉત્પાદન થાય છે અને ભારત સિવાય અન્ય કયા દેશો આ યાદીમાં છે? આ બધા વિશે જાણવું પણ મહત્ત્વપૂર્ણ છે.

અહેવાલો અનુસાર, ભારત વિશ્વનો સૌથી મોટો કઠોળ ઉત્પાદક દેશ છે જ્યાં વાર્ષિક કઠોળનું ઉત્પાદન ૨૮ મિલિયન મેટ્રિક ટન થાય છે. ભારત એટલું બધું કઠોળનું ઉત્પાદન કરે છે કે કોઈ અન્ય દેશ તેની નજીક પણ પહોંચી શકતો નથી. ભારત પછી મ્યાનમાર, કેનેડા, ચીન અને રશિયાનો ક્રમ આવે છે. છેલ્લા ૨૦ વર્ષમાં, ભારતનું કઠોળનું ઉત્પાદન ૨૦૦૨માં ૧૧.૧૩ મિલિયન મેટ્રિક ટનથી બમણાથી વધુ થયું છે. મુખ્ય ઉત્પાદક રાજ્યોમાં કર્ણાટક, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, રાજસ્થાન અને ઉત્તર પ્રદેશનો સમાવેશ થાય છે. ચણા, તુવેર અને મસૂર જેવા વિવિધ કઠોળ ભારતમાં ઉગાડવામાં આવે છે, જે તેમનો વ્યાપક વપરાશ દર્શાવે છે.

મ્યાનમાર એક મુખ્ય કઠોળ ઉત્પાદક દેશ છે.

'આદિ કર્મયોગી અભિયાન' એ દેશનું સૌથી વિશાળ આદિવાસી નેતૃત્વ નિર્માણ માટેનું જન આંદોલન :– આદિજાતિ વિકાસ મંત્રી ડૉ. કુબેર ડિંડોર

ગાંધીનગર એચ.ઓ

આદિજાતિ વિકાસ મંત્રી ડૉ. કુબેર ડિંડોરે ગાંધીનગરથી અભિયાન અંગે વિગતો આપતા કહ્યું હતું કે, આદિ કર્મયોગી અભિયાન એ ભારતનું સૌથી વિશાળ આદિવાસી નેતૃત્વ નિર્માણ માટેનું જન આંદોલન છે, જે આદિવાસી વિસ્તારોમાં પાયાના શાસન અને સેવા વિતરણમાં ધરમૂળથી પરિવર્તન લાવવા માટેનું મિશન ધરાવે છે. જે સેવા, સમર્પણ અને સંકલ્પ દ્વારા સંચાલિત છે. આ અભિયાનનો ઉદ્દેશ "ભારતના આદિવાસી પ્રદેશોમાં બહુસ્તરીય ક્ષમતા નિર્માણ અને નેતૃત્વ વિકાસ દ્વારા લોક કેન્દ્રિત શાસન પ્રણાલી અને પ્રતિભાવશીલ શાસન વ્યવસ્થાને સંસ્થાકીય બનાવવાનો છે." આ અભિયાન પ્રધાનમંત્રી જનજાતિય આદિવાસી મહા અભિયાન (PM-JANMAN) અને ધરતી આબા જનજાતિય ગ્રામ ઉત્કર્ષ અભિયાન (DA-JGUA)ના વ્યાપક માળખા સાથે જોડાયેલ છે. આ અભિયાન આદિજાતિ મંત્રાલય (MoTA) દ્વારા સંચાલિત છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ભગવાન બિરસા મુંડાના જન્મદિવસથી આ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે તેમ, મંત્રીશ્રીએ કહ્યું હતું. ડૉ. કુબેર ડિંડોરે જણાવ્યું હતું કે, આદિ કર્મયોગી કાર્યક્રમમાં વડાપ્રધાનશ્રીની આદિવાસી પ્રત્યેની સંવેદનશીલતા અને દીર્ઘદ્રષ્ટિ જોઈ શકાય છે. આ અભિયાન વડાપ્રધાનશ્રીના દુરંદેશી નેતૃત્વનું પરિણામ છે. PM-JANMAN અને DA-JGUA આદિ કર્મયોગી અભિયાન સાથે સંકળાયેલ છે. આ અભિયાનમાં ભારત દેશના ૦૧ લાખ આદિવાસી પ્રભુત્વ ધરાવતા ગામડાઓ,



૩,૦૦૦ આદિવાસી તાલુકાઓ, ૫૫૦ થી વધુ આદિવાસી જિલ્લાઓ, ૩૦ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોનો સમાવેશ થાય છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં આ અભિયાન અંતર્ગત ગુજરાતમાં ૧૫ આદિવાસી જિલ્લાઓ, ૯૪ તાલુકાઓ અને ૪,૨૪૫ ગામડાઓમાં આ કાર્યક્રમ ચાલવાનો છે. આ કાર્યક્રમ અંતર્ગત ૨૦ લાખ ચેન્જ લીડર કેડર તૈયાર કરવા પર ભાર આપવામાં આવી રહ્યો છે. આ ચેન્જ લીડરો આદિવાસી લોકોની સમસ્યાઓ અને જરૂરિયાતોને સમજીને તેનું નિરાકરણ લાવવા માટે કામગીરી કરવામાં આવશે તેમ, મંત્રી શ્રી ડિંડોરે ઉમેર્યું હતું.

અભિયાનના મુખ્ય હેતુઓ

પ્રતિભાવશીલ, પારદર્શક અને જવાબદાર શાસનને પ્રોત્સાહન આપવું. નીચેથી ઉપર સુધીના દ્રષ્ટિકોણ અને સહભાગી આયોજન સરળ બનાવવું. સક્રિય ફરિયાદ નિવારણ અને પ્રતિસાદ પ્રણાલીને સંસ્થાકીય બનાવવી. રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરીય યોજનાઓના સહયોગી અમલીકરણને સક્ષમ બનાવવું. વિકસિત ભારત@૨૦૪૭ માટે સૂક્ષ્મ સ્તરીય દ્રષ્ટિકોણથી કાર્યક્રમો ચલાવવા. વસવાટ (habitation) થી રાજ્ય સુધી બહુસ્તરીય નેતૃત્વ માળખું સ્થાપિત કરવું.

EB-5 : ભારતીય રોકાણકારો માટે સોનેરી તક



અમદાવાદ, અમદાવાદના વિવાંતા એસજી હાઈવે ખાતે યોજાયેલી બેઠક દરમિયાન અમેરિકાના જાણીતા ઈમિગ્રેશન એટર્ની શ્રી નાદાદુર કુમાર (જેમને ૩૦ વર્ષથી વધુનો અનુભવ છે) એ જણાવ્યું કે હાલનો સમય ભારતીય રોકાણકારો માટે EB-5 પ્રોગ્રામનો લાભ લેવા માટે શ્રેષ્ઠ છે.શ્રી કુમારે મીડિયાને સંબોધતા એક મોટો ભ્રમ દૂર કર્યો. તેમણે સ્પષ્ટ કર્યું કે અમેરિકાના ગ્રીન કાર્ડ મેળવવાથી ભારતીય નાગરિકતાનો ત્યાગ કરવો પડતો નથી. આ માત્ર એક વિકલ્પ છે, ફરજિયાત નથી. સાથે જ તેમણે "વ્હાઈટ પાસપોર્ટ" કે જેને રી-એન્ટ્રી પરમિટ કહેવાય છે તેની જાણકારી આપી, જે હેઠળ રોકાણકારો બે વર્ષ સુધી અમેરિકા બહાર રહી શકે છે અને જરૂરી હોય તો આ અવધિ લંબાવી પણ શકે છે. તેમણે ખાસ નોંધ્યું કે હાલ ભારતીયો માટે EB-5 વિઝાનો બેકલોગ સામાન્ય કરતા ઓછો છે, એટલે કે આ એક દુર્લભ તક છે. પરંતુ આગળ જતા ભારતમાંથી માંગ વધશે અને રાહ લાંબી બનશે. અમેરિકાના ઈમિગ્રેશન કાયદા મુજબ દર વર્ષે દરેક દેશ માટે ફક્ત ૭% ગ્રીન કાર્ડની મર્યાદા છે. ભારતમાંથી F-1, H-1B અને EB-5 માટે પહેલેથી જ ભારે માંગ છે, તેથી વિલંબ વધવાનું સ્વાભાવિક છે. તેમણે જણાવ્યું કે: "આ સોનેરી તક હંમેશા નહીં રહે." ભારતીય અરજદારો માટે EB-5 કેવી રીતે વિકસ્યું તેની ચર્ચા કરતાં તેમણે કહ્યું કે અગાઉ આ માર્ગ મોટાપાયે લોકપ્રિય ન હતો. પરંતુ ઘરભાડાં અને મિલ્કતના ભાવમાં વધારો થતાં લોકો હવે ઘરમૂલ્યના આધાર પર રોકાણ કરી શકે છે. –

ભારતીય નૌકાદળે દરિયાઈ કામગીરી માટે ૭૬ નૌકાદળ ઉપયોગીતા હેલિકોપ્ટર ખરીદવા માટે RFI જારી કર્યું

નવી દિલ્હી,

મીડિયા સૂત્રોના અહેવાલો અનુસાર, ભારતીય નૌકાદળે ૭૬ નેવલ યુટિલિટી હેલિકોપ્ટર ખરીદવા માટે માહિતી વિનંતીજારી કરી છે. આમાંથી ૫૧ નેવી દ્વારા સામેલ કરવામાં આવશે, જ્યારે ૨૫ ભારતીય કોસ્ટ ગાર્ડ માટે આયોજન કરવામાં આવ્યું છે.

આ સંપાદન ખરીદો અને બનાવો (ભારતીય) શ્રેણી હેઠળ કરવામાં આવશે અને તેનો હેતુ દરિયાઈ શોધ અને બચાવ, દરિયાકાંઠાના સંરક્ષણ કામગીરી અને આપત્તિ રાહતને મજબૂત બનાવવાનો છે. RFI મુજબ, NUH પાસે દિવસ અને રાત વિવિધ પ્રકારના મિશન ચલાવવાની ક્ષમતા હોવી જોઈએ. આમાં દરિયાઈ શોધ અને બચાવ (જાનહાનિ અને તબીબી સ્થળાંતર સંદેશાવ્યવહાર ફરજો, ઓછી તીવ્રતાવાળા દરિયાઈ કામગીરી માનવતાવાદી સહાય અને આપત્તિ રાહત અને હવાઈ અગ્નિશામકનો સમાવેશ થશે. હેલિકોપ્ટર દિવસ અને રાત તમામ હવામાન પરિસ્થિતિઓમાં જહાજો અને કિનારાથી સંચાલન કરવા સક્ષમ હોવું જોઈએ.

હેલિકોપ્ટર સંપૂર્ણ રૂપરેખાંકનમાં ઓછામાં ઓછા પાંચ વર્ષ માટે નૌકાદળ અથવા મરીન સેવાઓ સાથે સેવામાં હોવું જોઈએ. ટેકનિકલ જરૂરિયાતોમાં મહત્તમ કુલ વજન ૫,૫૦૦ કિલો, ટ્વીન એન્જિન, વ્હીલ્ડ લેન્ડિંગ ગિયર, રોટર સિસ્ટમ અને જહાજો પર સંગ્રહ માટે બ્લેડ ફોલ્ડ ક્ષમતાનો સમાવેશ થાય છે.

પ્રત્યક્ષ કબજા નોટીસ

ICICI Home Finance | **રજીસ્ટર્ડ ઓફિસ :** આઈસીઆઈસીઆઈ બેંક ટાવર્સ, બાંદ્રા - કુર્લા કોમ્પ્લેક્ષ, બાંદ્રા (પૂર્વ), મુંબઈ - ૪૦૦૦૫૧.

કોર્પોરેટ ઓફિસ : આઈસીઆઈસીઆઈ એચએફસી ટાવર, જેબી નગર, અંધેરી કુરલા રોડ, અંધેરી પૂર્વ, મુંબઈ-૪૦૦૦૫૯.
શાખા ઓફિસ : ચોથો માળ, ઓફિસ નં. ૪૩૯-૪૪૩, એમરાલ્ડ વન, વિનવર્ડ બિઝનેશ પાર્ક, જેતપુર રોડ, વડોદરા, ગુજરાત - ૩૯૦૦૨૦.

આથી, **આઈસીઆઈસીઆઈ હોમ ફાયનાન્સ કંપની લિમીટેડ** ના નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ તથા કલમ ૧૩(૧૨) હેઠળ મળેલી સત્તા સાથે સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ તથા નિયમ ૩ અંતર્ગત નીચે દર્શાવેલ ઉધારકર્તાઓની માંગણા નોટીસ જારી કરીને નોટીસ મળ્યાની તારીખથી ૬૦ દિવસોની અંદર બાકી રકમ ભરી જવા જણાવેલ હતું. ઉધારકર્તા ઉપરોક્ત રકમ ચુકવવામાં કસુરવાર થતાં આથી ઉધારકર્તા અને જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે અધિનિયમ ૧૩ઉની પેટા કલમ (૪) હેઠળ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ ૨૦૦૨ના રૂલ ૮ સાથે મળેલી સત્તાની રૂએ અધિકૃત અધિકારીએ નીચે જણાવેલ મિલકતોનો કબજો લઈ લીધેલ છે. ઉધારકર્તાને વિશેષ રૂપથી તથા જાહેર જનતાને આથી સદરહુ મિલકતો અંગે કોઈપણ જાતનો વ્યવહાર ન કરવાની ચેતવણી આપવામાં આવે છે. સદરહુ સ્થાયી મિલકતો અંગે કરેલો કોઈપણ વ્યવહાર **આઈસીઆઈસીઆઈ હોમ ફાયનાન્સ કંપની લિમીટેડ** ની રકમ બોજાને આધીન રહેશે. **"સરફેસી કાયદાની કલમ ૧૩ની પેટા કલમ ૮ ની જોગવાઈ પ્રત્યે ઉધારકર્તાઓનું મુકરર મિલકત છોડાવવા માટે મળવા પાત્ર સમય બાબતે ધ્યાન દોરવામાં આવે છે."**

ક્રમ નં.	ઉધારકર્તા/સહ-ઉધારકર્તા નું નામ/લોન એકાઉન્ટ નં.	મિલકતોનું વર્ણન / પઝેશનની તારીખ	ડીમાન્ડ નોટીસની તારીખ /ડીમાન્ડ નોટીસની બાકી રકમ (રૂા.માં)	શાખાનું નામ
૧.	કાલુરામ (ઉધારકર્તા), માલીદેવી (સહ-ઉધારકર્તા), (LHBRD00001316914)	યુનિટ નં. ૧૦૧૯, શીવમ નગર, અંબિકાનગર ક્રોસ રોડની પાસે, ગોત્રી પાણી ટાંકી પાસે, અંબિકાનગર રોડ, ગોત્રી, વડોદરા, ૨૬૪, વડોદરા, ગુજરાત - ૩૯૦૦૨૧. ચતુઃસીમા : ઉત્તરે : યુનિટ નં. ૧૦૨૦, દક્ષિણે : યુનિટ નં. ૧૦૧૮, પૂર્વે : યુનિટ નં. ૧૦૨૨, પશ્ચિમે : સોસાયટીનો આંતરીક રોડ. **(પઝેશનની તારીખ : ૦૫.૦૯.૨૦૨૫)**	૧૨.૦૩.૨૦૨૫ --------- રૂા. ૭,૪૧,૯૦૯.૬/-	વડોદરા
૨.	કાલુરામ (ઉધારકર્તા), માલીદેવી (સહ-ઉધારકર્તા), (LHBRD00001398843)	યુનિટ નં. ૧૦૧૯, શીવમ નગર, અંબિકાનગર ક્રોસ રોડની પાસે, ગોત્રી પાણી ટાંકી પાસે, અંબિકાનગર રોડ, ગોત્રી, વડોદરા, ૨૬૪, વડોદરા, ગુજરાત - ૩૯૦૦૨૧. ચતુઃસીમા : ઉત્તરે : યુનિટ નં. ૧૦૨૦, દક્ષિણે : યુનિટ નં. ૧૦૧૮, પૂર્વે : યુનિટ નં. ૧૦૨૨, પશ્ચિમે : સોસાયટીનો આંતરીક રોડ. **(પઝેશનની તારીખ : ૦૫.૦૯.૨૦૨૫)**	૧૨.૦૩.૨૦૨૫ --------- રૂા. ૨,૭૨,૨૪૫/-	વડોદરા

ઉપરોક્ત ઉધારકર્તાઓ / જામીનદારોઓને આથી રકમની ચુકવણી કરવા માટે ૩૦ દિવસની નોટીસ આપવામાં આવે છે, અન્યથા આ નોટીસના પ્રકાશન તારીખથી ૩૦ દિવસની સમાપ્તિ પર ગીરો મુકેલ મિલકતો સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ - ૨૦૦૨ હેઠળ નિયમ ૮ અને ૯ હેઠળ વેચવામાં આવશે.

તારીખ : ૦૯.૦૯.૨૦૨૫, સ્થળ : વડોદરા — **અધિકૃત અધિકારી, આઈસીઆઈસીઆઈ હોમ ફાયનાન્સ કંપની લિમીટેડ**

Printed and Published by MAYUR C. BHATT on behalf of KALYANI PUBLIATION PVT. LTD. and Printed at : Dharti Printers C-3, Shankar Chember, Nr. Fadia Chamber, Asharam Road, Ahmedabad-Published From KALYANI PUBLIATION PVT. LTD. 201,202,208 Nandan complex, opp mithakhali rly crossing, mithakhali, ahmedabad.
Editior : Mayur C. Bhatt

Hawa Engineers ltd.
An ISO 9001:2008 Certified Company

હવા એન્જીનીયર્સ લિમિટેડ
સીઆઈએન : L29120GJ1993PLC019199
રજી. ઓફીસ: પ્લોટ નં. ૧૨૯, કાશીરામ ટેક્ષટાઈલ મીલ પાસે, નારોલ રોડ, અમદાવાદ- ૩૮૨૪૦૫, ગુજરાત
ફોન ન. ૦૭૯-૨૫૩૨૦૭૮૧, ઈ-મેલ : cs@hawaengltd.com

૩૨મી વાર્ષિક સામાન્ય સભા, રીમોટ ઈ-વોટીંગ, કટ ઓફ અને બુક બંધ તારીખની નોટીસ

આથી નોટીસ આપવામાં આવે છે કે હવા એન્જિનિયર્સ લીમીટેડના સભ્યોની ૩૨મી વાર્ષિક સામાન્ય સભા (એજીએમ), મંગળવાર, ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ સાંજે ૦૪:૦૦ કલાકે યોજાશે.કંપની અધિનિયમ, ૨૦૧૩ અને તેના હેઠળ બનાવેલા નિયમો અને સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (લિસ્ટિંગ ઓબ્લિગેશન એન્ડ ડિસ્ક્લોઝર)નિયમ ,૨૦૧૫ની તમામ લાગુ જોગવાઈઓનું પાલન કરીને વિડિયો કોન્ફરન્સિંગ (વીસી)/ અન્ય ઑડિયો-વિઝ્યુઅલ માધ્યમો (ઓએવીએમ") દ્વારા અને કોર્પોરેટ બાબતોના મંત્રાલય ("MCA") અને સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા ('SEBI') દ્વારા જારી કરાયેલા તમામ લાગુ પરિપત્રો સાથે વાંચીને, એજીએમ નોટિસ બોલાવવામાં આવી છે. કંપનીએ કોર્પોરેટ બાબતોના મંત્રાલય દ્વારા જારી કરાયેલા પરિપત્ર અનુસાર જે સભ્યોના ઈમેલ એડ્રેસ કંપની અને/અથવા ડિપોઝિટરીઝમાં નોંધાયેલ છે તેવા સભ્યોને ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ એજીએમ બોલાવવાની સૂચના સાથે વાર્ષિક અહેવાલ મોકલ્યો છે. અને સિક્યોરિટીઝ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયાના પરિપત્રો. એજીએમ બોલાવવાની સૂચના સાથેનો વાર્ષિક અહેવાલ કંપનીની વેબસાઈટ www.hawaengltd.com પર અને સેન્ટ્રલ ડિપોઝિટરી સર્વિસીસ (ઇન્ડિયા)લિમિટેડ ની વેબસાઈટ CDSL) www.evotingindia.comપર પણ ઉપલબ્ધ છે.

એજીએમની સૂચનામાં ઉલ્લેખિત દસ્તાવેજો એજીએમની સૂચનાના પરિભ્રમણની તારીખથી સભ્યો દ્વારા નિરીક્ષણ માટે ઈલેક્ટ્રોનિક રીતે ઉપલબ્ધ છે. આવા દસ્તાવેજોની તપાસ કરવા માંગતા સભ્યો cs@hawaengltd.com પર ઈ-મેલ મોકલી શકે છે.

આથી સૂચના પણ આપવામાં આવે છે કે કંપનીઝ એક્ટ, ૨૦૧૩ ('અધિનિયમ') ની કલમ ૯૧ ની જોગવાઈઓ અનુસાર કંપનીઝ (મેનેજમેન્ટ એન્ડ એડમિનિસ્ટ્રેશન) નિયમો, ૨૦૧૪, સભ્યોના રજિસ્ટર અને શેર ટ્રાન્સફર બુક્ના નિયમ ૧૦ સાથે વાંચવામાં આવે છે. કંપનીની ૩૨મી એજીએમના હેતુ માટે બુધવાર, ૨૪મી સપ્ટેમ્બર, ૨૦૨૫થી મંગળવાર, ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૨૫ (બંને દિવસો સહિત) સુધી કંપની બંધ રહેશે.

કંપની કાયદા, ૨૦૧૩ની જોગવાઈઓ સાથે વંચાતા કંપની (વ્યવસ્થાપન અને પ્રશાસન) નિયમો, ૨૦૧૪ (સુધારા મુજબ) નિયમન ૧૦૮ ના નિયમ ૨૦ અને સેબી (લિસ્ટીંગ ઓબ્લીગેશન્સ અને ડિસ્ક્લોઝર રીક્વાયરમેન્ટ્સ નિયમનો) નિયમનો, ૨૦૧૫ (સુધારા મુજબ) ના નિયમન ૪૪ અન્વયે, સભ્યોને એજીએમ બોલાવતી નોટીસમાં જણાવેલ તમામ ઠરાવો પર સીડીએસએલ દ્વારા પુરી પાડાયેલ ઈલેક્ટ્રોનિક વોટીંગ સીસ્ટમનો ઉપયોગ કરીને તેમના મત આપવાની સવલત પુરી પાડવામાં આવી છે. સભ્યોના વોટીંગ હકો મંગળવાર, ૨૩ સપ્ટેમ્બર, ૨૦૨૫ (કટ ઓફ તારીખ) ના રોજ કંપનીની ભરપાઇ થયેલ શેર મુળીમાં તેમના ઇક્વીટી શેરોના હિસ્સાને અનુરૂપ રહેશે.

રીમોટ ઈ-વોટીંગ સોમવાર, ૨૬ સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ સવારે ૯.૦૦ કલાકે શરૂ થશે અને સોમવાર, ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ સાંજે ૫.૦૦ કલાકે પુર્ણ થશે. આ ગાળા દરમિયાન કટ ઓફ તારીખ એટલે કે મંગળવાર, ૨૩ સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ ફીઝીકલ સ્વરૂપે અથવા ડીમેટ સ્વરૂપે શેરો ધરાવતા સભ્યો ઈલેક્ટ્રોનિક રીતે તેમના મત આપી શકે છે. ત્યારબાદ રીમોટ ઈ-વોટીંગ મોડ્યુલ સીડીએસએલ દ્વારા બંધ કરવામાં આવશે. વીસી / ઓએવીએમ સવલત દ્વારા એજીએમમાં હાજર રહેનાર અને રીમોટ ઇવોટીંગ થી ઠરાવો પર તેમના મત આપ્યા નથી અથવા તો તેમ કરવા સક્ષમ નથી તેવા સભ્યો એજીએમ દરમિયાન ઈ-વોટીંગ પદ્ધિતથી મત આપવા હકદાર ગણાશે.

જે સભ્યોએ એજીએમ પહેલા રીમોટ ઇ-વોટીંગથી તેમના મતો આપ્યા છે તેઓ વીસી / ઓએવીએમ દ્વારા એજીએમમાં હાજર રહી શકે છે / ભાગ લઇ શકે છે, પરંતુ ફરીથી તેમના મત આપવા હકદાર ગણાશે નહી.

કંપનીએ ઇલેક્ટ્રોનિક રીતે નોટીસ આપ્યા પછી કંપનીના શેરો પ્રાપ્ત કરનાર અને કંપનીના સભ્ય બનનાર અને કટ ઓફ તારીખના રોજ શેરો ધરાવતા સભ્યો helpdesk.evoting@cdslindia.com પર અરજી મોકલીને લોગીન આઇડી અને પાસવર્ડ મેળવી શકે છે. આમ છતાં, જો તે / તેણી પહેલેથી રીમોટ ઇ-વોટીંગ માટે સીડીએસએલમાં રજીસ્ટર્ડ છે તેઓ તે/તેણીના વર્તમાન યુઝર આઇડી અને પાસવર્ડનો ઉપયોગ મત આપવા માટે કરી શકે છે.

ઇ-વોટીંગ સંબંધિત પ્રશ્નો હોય તો સભ્યો / લાભાર્થી માલિકો સીડીએસએલની વેબસાઇટ www.evotingindia.com પર ઉપલબ્ધ વારંવાર પુછાતા પ્રશ્નો અને ઇ-વોટીંગ યુઝર મેન્યુઅલ જોઇ શકે છે અથવા ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૨૧ ૦૯૯૧૧૫પર સંપર્ક કરી શકે છે. ઇ-વોટીંગ સંબંધિત કોઇપણ ફરિયાદો, ૨૫ મો માળ, એ વિંગ, મેરેથોન ફ્યુટરેક્સ, મફતલાલ મિલ્સ કમ્પાઉન્ડ, એન એમ જોષી માર્ગ, લોઅર પારેલ (પુર્વ), મુંબઇ - ૪૦૦ ૦૧૩ ઇમેઇલ આઇડી helpdesk.evoting@cdslindia.com પર સંપર્ક કરી શકે છે.

એજીએમની વિગતો કંપનીની વેબસાઇટ www.hawaengltd.com, સીડીએસએલની વેબસાઇટ www.evotingindia.com, બીએસઇ લીમીટેડ www.bseindia.com પર પણ ઉપલબ્ધ છે.

હવા એન્જીનીયરીંગ લીમીટેડ
સહી/-
અસલમ કાગદી
ચેરમેન
ડીન: ૦૦૦૦૬૮૭૯

તારીખ : ૦૮ સપ્ટેમ્બર, ૨૦૨૫
સ્થળ : અમદાવાદ.

POONAWALLA FINCORP

પુણાવાળા ફિનકોર્પ લિમિટેડ
કૉર્પોરેટ ઓફિસ: યુનિટ નં. ૨૪૦૧, ૨૪મો માળ, અલ્ટીમસ, ડૉ. જી એમ ભોસલે માર્ગ, વરલી, મુંબઈ - ૪૦૦ ૦૧૮ (મહારાષ્ટ્ર)
રજીસ્ટર્ડ ઓફિસ : ૨૦૧ અને ૨૦૨, ૨જો માળ, એપીટ૧, કોરેગાંવ પાર્ક એનેક્સ, મુંધવા, પુણે- ૪૧૧૦૩૬ (મહારાષ્ટ્ર)

પરિશીષ્ટ ૪ (જુઓ નિયમ૮(૧) (સ્થાવર મિલકત માટે) કબ્જા નોટિસ

આથી અહીં જણાવવાનું કે નીચે સહી કરનાર પુણાવાળા ફિનકોર્પ લિમિટેડ (જે પહેલા મેગ્મા ફિનકૉર્પ લિમિટેડ તરીકે ઓળખાતી) ઉપરોક્ત કાર્પોરેટ/રજીસ્ટર ઓફિસ ના અધિકૃત અધિકારીએ સિક્યોરીટાઈઝેશન અને રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ (**જણાવેલ કાયદા**) નિયમો, ૨૦૦૨ (જણાવેલ નિયમો)ના નિયમ ૩ સાથે વંચાતી કલમ૧૩(૨) હેઠળ મળેલી સત્તાની રૂએ લેણદારોને જણાવેલ માંગણા નોટીસોમાં જણાવેલ રકમ પરત ચુકવવા માંગણા નોટીસો જારી કરી હતી.આ નોટીસ આપ્યાથી ૬૦ દિવસની અંદર અહીં દર્શાવેલા નાણા ભરી જવા જણાવવામાં આવે છે.
લેણદારો,રકમની પુનઃચુકવણી કરવામાં નિષ્ફળ ગયા છે. પરિણામે કરજદારો અને જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે અહી નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ જણાવેલ કાયદાની પેટા કલમ ૧૩(૪)ની પેટા કલમ ૮ મુજબ**૭મી, સપ્ટેમ્બર ૨૦૨૫ ના રોજ** કાર્યવાહી કરી નીચે વર્ણન કરવામાં આવેલ તેના/તેણી નામે રહેલ મિલ્કતનો કબ્જો મેળવી લીધો છે.
લેણદારો, અને ખાસ કરી જાહેર જનતાને મિલકત સાથે કોઈ સોદો ન કરવા સાવધ કરવામાં આવે છે અને મિલકત સાથેનો કોઈપણ સોદો પુણાવાળા ફિનકોર્પ લિમિટેડ (જે પહેલા મેગ્મા ફિનકૉર્પ લિમિટેડ તરીકે ઓળખાતી)ની નીચે જણાવેલ રકમ તેમજ તેના પર વ્યાજના ચાર્જને આધિન રહેશે.
લેણદારો, સહ - લેણદારોના કાનૂની વારસદારો ધ્યાન આપે કે આ કાયદાની કલમ ૧૩ ની પેટા કલમ (૮) મુજબ આ ગીરો મિલકત મુકત કરાવવાનો સમય મળે છે. કબ્જે કરેલ મિલકતની વિગત નીચે આપેલ છે.

કરજદારો નું નામ	મિલકતની વિગત	કબ્જાની તારીખ	વૈધાનિક માંગણા નોટીસની તારીખ	માંગણા નોટીસની રકમ (રૂા.માં)
(લેણદાર) અઝીઝભાઈ અબ્દુલભાઈ થેબા (સહ- કરજદાર) સબાના અઝીઝ થેબા સૌરાષ્ટ્ર ટ્રાંસપોર્ટ	તમામ ભાગ અને હિસ્સો ઓફ મિલ્કત માં ઈન્ડસ્ટ્રીયલ બિલ્ડિંગ સાથે જગ્યા માપ ૮૧૧.૦૧ સ્કેવર મી. ઓફ પ્લોટ નં. ૧૧ ઓફ વાજેપર રેવેન્યુ સર્વે નં. ૧૨૮૮(પી), મૂન નગર-૭, લાટી પ્લોટ પાસે અને સર્વોદય હાલ ઓફ પંચાસર મેઈન રોડ, ડિસ્ટઃ અને તાલુકા - મોરબી- ૩૬૩૬૪૨, તેની ચારે બાજુ : પૂર્વે :- ૨૫.૦૦ ફિટ રોડ, પશ્ચિમે :- સર્વે નં. ૧૨૮૭ જોડાયેલ , ઉત્તરે :- ખુલ્લી જગ્યા, દક્ષિણે : પ્લોટ નં. ૧૨	૦૭.૦૯. ૨૦૨૫	૨૭.૦૧.૨૦૨૪	લોન નં. HL/0105/H/14/000035 રૂા. ૯૭,૬૧,૬૦૩/- (રૂપિયા સતાણું લાખ એકસઠ હજાર છ સો ત્રણ પુરા) જે **૨૭.૦૧.૨૦૨૪** સુધી વ્યાજ **@ ૧૭.૫૫ ટકા** સુધી ચુકવી દેવી.

સ્થળ : ગુજરાત
તારીખ : ૦૯.૦૯.૨૦૨૫

અધિકૃત અધિકારી
પુણાવાળા ફિનકૉર્પ લિ.
(સહી)

ટ્રુહોમ ફાઈનાન્સ લિમીટેડ
(અગાઉ શ્રીરામ હાઉસીંગ ફાયનાન્સ લિ.)

Truhome FINANCE

રજીસ્ટર્ડ ઓફિસ : શ્રીનિવાસ ટાવર, પહેલો માળ, દુન નં. ૫, જુનો નં. ૧૧, બીજી લેન, સેનાટોફ રોડ, અલવરપેટ, ટેનામ્પેટ, ચેન્નાઈ-૬૦૦૦૧૮.
હેડ ઓફિસ : લેવલ - ૩, વોકહાર્ટ ટાવર્સ, પૂર્વ વિંગ, સી-૨, બ્લોક - જી, બાન્દ્રા-કુરલા કોમ્પ્લેક્ષ, મુંબઈ-૪૦૦૦૫૧.
વેબસાઈટ : http://www.truhomefinance.in

પ્રત્યક્ષ પઝેશન નોટીસ

આથી, **ટ્રુહોમ ફાઈનાન્સ લિમીટેડ (અગાઉ શ્રીરામ હાઉસીંગ ફાઈનાન્સ લિમીટેડ)** ના નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (એક્ટ) તથા કલમ ૧૩(૧૨) હેઠળ મળેલી સત્તા સાથે સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ તથા નિયમ ૩ અંતર્ગત ઉધારકર્તાઓને ડીમાન્ડ નોટીસ જારી કરીને નીચે દર્શાવેલ ટેબલમાં દર્શાવેલ રકમ ચુકવવા જણાવેલ.

ઉધારકર્તાઓ ઉપરોક્ત રકમ ચુકવવામાં કસુરવાર થતાં આથી ઉધારકર્તાઓ અને જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે અધિનિયમ ૧૩ની પેટા કલમ (૪) હેઠળ રૂલ ૮ સાથે મળેલી સત્તાની રૂએ **ટ્રુહોમ ફાઈનાન્સ લિમીટેડ (અગાઉ શ્રીરામ હાઉસીંગ ફાઈનાન્સ લિમીટેડ)** ના અધિકૃત અધિકારીએ **તા. ૦૫.૦૯.૨૦૨૫** ના રોજ નીચે જણાવેલ મિલકતનો **સાંકેતિક કબજો** લઈ લીધેલ છે.

ઉધારકર્તાને વિશેષ રૂપથી તથા જાહેર જનતાને આથી સદરહુ મિલકત અંગે કોઈપણ જાતનો વ્યવહાર ન કરવાની ચેતવણી આપવામાં આવે છે. સદરહુ સ્થાયી મિલકત અંગે કરેલો કોઈપણ વ્યવહાર **ટ્રુહોમ ફાઈનાન્સ લિમીટેડ (અગાઉ શ્રીરામ હાઉસીંગ ફાઈનાન્સ લિમીટેડ)** ની નીચે મુજબની બાકી રકમ વ્યાજ સાથેના બોજાને આધીન રહેશે.

"સરફેસી કાયદાની કલમ ૧૩ની પેટા કલમ ૮ ની જોગવાઈ પ્રત્યે ઉધારકર્તાઓ નું મુકરર મિલકત છોડાવવા માટે મળવા પાત્ર સમય બાબતે ધ્યાન દોરવામાં આવે છે."

ઉધારકર્તાનું નામ અને સરનામું

(૧). અમરદીપ રાજેન્દ્ર પ્રસાદ અને (૨). અકાંક્ષા અમરદીપ પ્રસાદ,
હાલનું સરનામું :- એએ/૯, સાંઈવાડી બંગ્લોઝ, ઝડેશ્વર રોડ, ભરૂચ, ગુજરાત - ૩૯૨૦૦૧.
અને અહીં પણ : એચ નં. ૩૫, ભવાનીપુર, ટેન, શાહીગંજ, જુહાપુર, શાહગંજ, ઉત્તરપ્રદેશ - ૨૨૩૧૦૧.
અને અહીં પણ : @ અમરદિપ ઈલેકટ્રીકલ, એએ/૯, સાંઈવાડી બંગ્લોઝ, ઝડેશ્વર રોડ, ભરૂચ, ગુજરાત - ૩૯૨૦૦૧.
અને અહીં પણ : ફલેટ નં. ૩૦૬, મધુલીકા રેસીડેન્સી, પ્લોટ નં. ૫૫ થી ૫૭/, ગડખોલ, તાલુકો - અંકલેશ્વર, જીલ્લો - ભરૂચ, ગુજરાત - ૩૯૩૦૦૨.

ડીમાન્ડ નોટીસ હેઠળ બાકી લ્હેંણી રકમ

રૂા. ૭,૨૦,૨૦૬/- (રૂા. સાત લાખ વીસ હજાર બસ્સો છ પુરા), તા. ૦૯.૦૧.૨૦૨૫ ના સુધીનું, લોન એકાઉન્ટ નં. SHLHBRUH0000009, ચડત વ્યાજ અને અન્ય કોસ્ટ અને અન્ય કોસ્ટ, ચાર્જીસ અને ખર્ચાઓ વગેરે સાથે ૬૦ દિવસની અંદર રકમ ભરવા જણાવેલ. ૧૩(૨) હેઠળ ડીમાન્ડ નોટીસ તા. ૧૫.૦૧.૨૦૨૫
કોર્ટ ઓર્ડરની વિગતો : એડીશનલ સિનીયર સિવીલ જંજ અને એડીશનલ ચીફ જુડીશીયલ મેજીસ્ટ્રેટ, અંકલેશ્વર, જીલ્લો - ભરૂચ, ક્રિમીનલ અરજી નં. ૫૫૩/૨૦૨૫, જંજમેન્ટ તા. ૦૭.૦૮.૨૦૨૫, પ્રત્યક્ષ કબજાની તારીખ : ૦૫.૦૯.૨૦૨૫

ગિરવે મુકેલ મિલકતનું વર્ણન

બીન ખેતીલાયક જમીનનો પ્લોટ મોજે - ગડખોલ, જમીનનો આર.એસ. નં. ૫૭/૨ પૈકી, પ્લોટ નં. આર/૫૫, ક્ષેત્રફળ ૭૨.૪૬ સ્કે.મી., પ્લોટ નં. આર/૫૬, ક્ષેત્રફળ ૭૨.૪૬ સ્કે.મી., પ્લોટ નં. આર/૫૭, ક્ષેત્રફળ ૭૨.૪૬ સ્કે.મી., કુલ ક્ષેત્રફળ ૨૧૭.૩૮ સ્કે.મી., મધુલીકા રેસીડેન્સી પૈકી , ત્રીજો માળ, ફલેટ નં. ૩૦૬, ક્ષેત્રફળ ૩૧.૯૬ સ્કે.મી., અવિભાજીત હકક સાથેની જમીનનું ક્ષેત્રફળ ૯.૦૫ સ્કે.મી., રજીસ્ટ્રેશન જીલ્લો અને સબ જીલ્લો - અંકલેશ્વર, જીલ્લો - ભરૂચ. **ચતુઃસીમા :- પૂર્વે :** કોમન જગ્યા, **પશ્ચિમે :** રોડ, **ઉત્તરે :** જમીન, **દક્ષિણે :** ફલેટ નં. ૩૦૫.

ઉધારકર્તાનું નામ અને સરનામું

(૧). સોનુ રામભગત અને (૨). પુજાકુમારી W/o સોનુ,
હાલનું સરનામું :- વીટીસી ગુર્જરી, પોસ્ટ ઓફિસ - ગુર્જરી, સબ જીલ્લો - ભીવાની, જીલ્લો - ભીવાની - ૧૨૭૦૩૧, હરીયાણા.
અને અહીં પણ : @ શ્રી શ્યામ ઈન્ટરનેશનલ પેકેજીસ એન્ડ મુવર્સ, રૂમ નં. ૮૩, શ્રી ગણેશ રો હાઉસ, રીગલ હોટલની પાસે, મું. મોતાલી, અંકલેશ્વર - ૩૯૩૦૦૧.
અને અહીં પણ : ૩૭, ગીરીરાજ રેસીડેન્સી, મોતાલી પ્રાથમીક સ્કુલની પાસે, ગીરીરાજ હોટલની પાછળ, અંકલેશ્વર - ૩૯૩૦૦૧.
અને અહીં પણ : @ રીતી કાર્ગો પેકેજીસ એન્ડ મુવર્સ, રૂમ નં. ૮૩, શ્રી ગણેશ રો હાઉસ, રીગલ હોટલની પાસે, મું. મોતાલી, અંકલેશ્વર - ૩૯૩૦૦૧.

ડીમાન્ડ નોટીસ હેઠળ બાકી લ્હેંણી રકમ

રૂા. ૧૨,૯૮,૫૬૮/- (રૂા. બાર લાખ અઠ્ઠાણું હજાર પાંચસો અડસઠ પુરા), તા. ૧૧.૦૩.૨૦૨૫ ના સુધીનું, લોન એકાઉન્ટ નં. SHLHBRUH0000328, ચડત વ્યાજ અને અન્ય કોસ્ટ અને અન્ય કોસ્ટ, ચાર્જીસ અને ખર્ચાઓ વગેરે સાથે ૬૦ દિવસની અંદર રકમ ભરવા જણાવેલ. ૧૩(૨) હેઠળ ડીમાન્ડ નોટીસ તા. ૧૫.૦૩.૨૦૨૫
કોર્ટ ઓર્ડરની વિગતો : એડીશનલ ચીફ જુડીશીયલ મેજીસ્ટ્રેટ, અંકલેશ્વર, જીલ્લો - ભરૂચ, ક્રિમીનલ અરજી નં. ૫૫૨/૨૦૨૫, જંજમેન્ટ તા. ૦૭.૦૮.૨૦૨૫, પ્રત્યક્ષ કબજાની તારીખ : ૦૫.૦૯.૨૦૨૫

ગિરવે મુકેલ મિલકતનું વર્ણન

બીન ખેતીલાયક જમીનનો પ્લોટ, મોજે - મોતાલી, જમીનનો આર.એસ. નં. ૪૨/૧૮, ૪૨/૨૧, ૪૨/૨૨, ૪૨/૨૨ પૈકી, ગીરીરાજ રેસીડેન્સી, પ્લોટ નં. ૩૭ (કેજેપી મુજબનો બ્લોક નં. ૪૨/૧૮/૩૭, ન્યુ બ્લોક નં. ૨૨૮, એરીયાનું ક્ષેત્રફળ ૪૩.૭૧ સ્કે.મી., રોડ રસ્તાનું ક્ષેત્રફળ ૨૪.૧૬ સ્કે.મી., કુલ ક્ષેત્રફળ ૬૭.૮૭ સ્કે.મી., બિલ્ટ અપ એરીયાનું ક્ષેત્રફળ ૪૦.૦૦ સ્કે.મી., રજીસ્ટ્રેશન સબ જીલ્લો - ભરૂચ, રાજય - ગુજરાત. **ચતુઃસીમા :- પૂર્વે :** પ્લોટ નં. ૩૬, **પશ્ચિમે :** પ્લોટ નં. ૩૯, **ઉત્તરે :** સોસાયટી રોડ, **દક્ષિણે :** બ્લોક/આર. એસ. નંબર.

સ્થળ : ભરૂચ
તારીખ : ૦૫.૦૯.૨૦૨૫

સહી/-,
અધિકૃત અધિકારી, ટ્રુહોમ ફાઈનાન્સ લિમીટેડ
(અગાઉ શ્રીરામ હાઉસીંગ ફાઈનાન્સ લિમીટેડ)

ટેલરમેડ રિન્યુએબલ્સ લીમીટેડ
CIN- L29307GJ2010PLC061759
રજીસ્ટર્ડ ઓફિસ: ૧૨૦૧ થી ૧૨૧૫, ૧૨મો માળ, સોલિટેઅર કનેક્ટ, બીએમડબ્લ્યુ શૉરૂમ પાસે, એસ.જી. હાઈ-વે, મકરબા, અમદાવાદ ૩૮૦૦૫૧, ગુજરાત ઈન્ડિયા
ફોન નં. : + ૯૧- ૦૭૯- ૪૦૦૪૦૮૮૮, ૯૦૨૩૭૩૪૭૮૩
ઈ-મેલ :cs@trlindia.com, વેબસાઈટ :www.trlindia.com

નોટિસ

આથી સૂચના આપવામાં આવે છે કે ટેલોરમેડ રિન્યુએબલ્સ લિમિટેડના સભ્યોની ૧૫મી વાર્ષિક સામાન્ય સભા **સોમવાર, ૨૯ સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ** બપોરે ૦૧:૦૦ વાગ્યે VC/OAVM સુવિધા દ્વારા યોજાશે જેથી એજીએમ બોલાવવાની સૂચનામાં ઉલ્લેખિત વ્યવસાયોનો વ્યવહાર કરી શકાય.
સામાન્ય પરિપત્રોના પાલનમાં, એજીએમની સૂચના ફક્ત તે સભ્યોને ઇલેક્ટ્રોનિક મોડમાં મોકલવામાં આવે છે જેમનું ઇમેઇલ સરનામું કંપની/ડિપોઝિટરી સહભાગીઓ/રજિસ્ટ્રાર અને ટ્રાન્સફર એજન્ટો સાથે નોંધાયેલ છે. ઉપરોક્ત સૂચના કંપનીની વેબસાઇટ www.trlindia.com પર "રોકાણકારો" વિભાગ હેઠળ, BSE લિમિટેડની વેબસાઇટ www.bseindia.com પર અને કંપનીના રજિસ્ટ્રાર અને ટ્રાન્સફર એજન્ટ, બિગશેર સર્વિસીસ પ્રા. લિમિટેડની વેબસાઇટ https://ivote.bigshareonline.com પર પણ ઉપલબ્ધ છે.
કંપનીઝ એક્ટ, ૨૦૧૩ ની કલમ ૧૦૮, જે કંપનીઓ (મેનેજમેન્ટ અને એડમિનિસ્ટ્રેશન) નિયમો, ૨૦૧૪ ના નિયમ ૨૦ સાથે વાંચવામાં આવે છે અને સેબી લિસ્ટિંગ રેગ્યુલેશન્સના નિયમ ૪૪ અનુસાર, કંપની તેના સભ્યોને ઇલેક્ટ્રોનિક માધ્યમો (રિમોટ ઈ-વોટિંગ) દ્વારા મતદાનની સુવિધા પૂરી પાડવા માટે ખુશ છે.
બધા સભ્યોને આથી જાણ કરવામાં આવે છે કે:
૧. નોટિસમાં દર્શાવેલ વ્યવસાય રિમોટ ઈ-વોટિંગ દ્વારા અથવા એજીએમ પર ઉપલબ્ધ બેલેટ પેપર દ્વારા વ્યવહાર કરી શકાય છે.
૨. રિમોટ ઈ-વોટિંગનો સમયગાળો શુક્રવાર, ૨૬ સપ્ટેમ્બર, , ૨૦૨૫ ના રોજ સવારે ૧૦:૦૦ વાગ્યે IST)શરૂ થશે અને ૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ સાંજે ૫:૦૦ વાગ્યે IST) સમાપ્ત થશે. ત્યારબાદ મતદાન માટે બિગશેર દ્વારા રિમોટ-ઈવોટિંગ મોડ્યુલને અક્ષમ કરવામાં આવશે.
૩. મતદાન કરવાની પાત્રતા નક્કી કરવા માટેની રેકોર્ડ તારીખ (કટ-ઓફ તારીખ) સોમવાર, ૨૨ સપ્ટેમ્બર ૨૦૨૫ હશે.
૪. બેલેટ પેપર દ્વારા મતદાન કરવાની સુવિધા એજીએમ ખાતે ઉપલબ્ધ કરાવવામાં આવશે અને જે સભ્યોએ રિમોટ ઈ-વોટિંગ દ્વારા મતદાન કર્યું નથી તેઓ એજીએમ ખાતે મતદાન કરી શકશે.
શ્રી મૌલિક રાજેશકુમાર પટેલ (FCS:13347; COP:22696) પ્રેક્ટિસ કરતા કંપની સેક્રેટરીને એજીએમ દરમિયાન રિમોટ ઈ-વોટિંગ પ્રક્રિયા અને ઈ-વોટિંગ સુવિધાની નિષ્પક્ષ અને પારદર્શક રીતે ચકાસણી કરવા માટે સ્ક્રુટિનાઈઝર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. નિર્ધારિત સમયગાળામાં સ્ક્રુટિનાઈઝરના રિપોર્ટ સાથે જાહેર કરાયેલા પરિણામો કંપનીની વેબસાઇટ પર પ્રદર્શિત કરવામાં આવશે અને સ્ટોક એક્સચેન્જને પણ જાણ કરવામાં આવશે.
કોઈપણ પ્રશ્નોના કિસ્સામાં, સભ્યો કંપની સેક્રેટરી અને પાલન અધિકારી શ્રીમતી વૈદેહી બાંગનો સંપર્ક કરી શકે છે; ઈમેઇલ - cs@trlindia.com; મો- +૯૧-૯૦૨૩૭૩૪૭૮૩.
સભ્યોને વિનંતી છે કે તેઓ એજીએમની નોટિસમાં દર્શાવેલ બધી નોંધો અને ખાસ કરીને, એજીએમ માં હાજરી આપવા માટેની સૂચનાઓ, રિમોટ ઈ-વોટિંગ દ્વારા અથવા એજીએમ દરમિયાન મતદાન કરવાની રીત કાળજીપૂર્વક વાંચે. જો શેરધારકો/રોકાણકારોને ઈ-વોટિંગ સંબંધિત કોઈ પ્રશ્નો હોય, તો તમે https://ivote.bigshareonline.com પર ઉપલબ્ધ વારંવાર પૂછાતા પ્રશ્નો ('FAQs') અને-i-Vote ઈ-વોટિંગ મોડ્યુલનો સંદર્ભ લઈ શકો છો, જે ડાઉનલોડ વિભાગ હેઠળ ઉપલબ્ધ છે અથવા તમે ivote@bigshareonline.com પર ઈમેઇલ કરી શકો છો અથવા ૧૮૦૦ ૨૨ ૫૪ ૨૨ પર કૉલ કરી શકો છો

ટેલરમેડ રિન્યુએબલ્સ લીમીટેડ વતી
સહી/-
ધર્મેન્દ્ર શરદ ગોર
મેનેજીંગ ડાયરેક્ટર
ડીન- ૦૦૪૬૬૩૪૯

સ્થળ : અમદાવાદ
તારીખ : ૦૬/૦૯/૨૦૨૫